ટેક હોમ રેશન (THR) તથા ફોર્ટીફાઇડ આટાનું ઉત્પાદન માટે તથા પૂર્ણા યોજના અંતર્ગત મંજૂર થયેલ ઘઉં GCMMF મારફત ડેરી યુનિયનને ઘઉંનો જથ્થો બજાર ભાવે ખરીદવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ WCDD/IMR/e-file/23/2022/0712/B (ICDS)
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૨/૦૭/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો પત્ર ક્ર: F.No.5-9/2005/ND/Tech(Vol-II) તા.૨૪-૨-૨૦૦૯

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્ર: આઇસીડી/૧૧૨૦૧૩/૧૦૮૮/બ તા.૨-૮-૨૦૧૭

(3) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્ર:આઇસીડી/૧૧૨૦૧૩/૧૦૮૮/બ તા.૯-૮-૨૦૧૭

(૪) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્ર:આઇસીડી/૧૧૨૦૨૧/૫૪/બ તા.૧૫-૪-૨૦૨૧

(૫) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્ર:આઇસીડી/૧૧૨૦૧૩/૧૦૮૮(પાર્ટફાઇલ)/બ તા.૮-3-૨૦૧૯

(૬) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી ના પત્ર ક્ર:ઘઉં ખરીદી/પુરક પોષણ/૨૦૨૨-૨૩/૨૦૮૫૪૨ તા. ૨૩-૬-૨૦૨૨

પ્રસ્તાવના:-

આમુખ (૧) થી ભારત સરકારની માર્ગદર્શક સુચનાઓમાં આઇસીડીએસ યોજના અંતર્ગત પૂરક પોષણ અંગેના ધોરણોમાં સુધારો કરવામાં આવેલ છે. આમુખ (૨) થી સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) ના લાભાર્થીઓને ટેક હોમ રેશન (THR) તરીકે રો-રેશન પુરૂ પાડવા માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમિટેડ મારફત ઘઉંની ખરીદી બજાર ભાવે કરવાની મંજુરી આપેલ છે. આમુખ (3) થી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘ મારફત ટેક હોમ રેશન (THR) પુરૂ પાડવા માટેની કામગીરી સુપરત કરવામાં આવેલ

છે, તથા શરત (૧૧) અનુસાર પ્રિમિક્સ (ટેક હોમ રેશન) ના ઉત્પાદન માટે ઘઉં રાજ્ય કક્ષાએથી પુરા પાડવાની જોગવાઇ કરવામાં આવી હતી. આમુખ (૪) થી પૂર્ણા યોજના અંતર્ગત ૧00% રાજ્ય સરકારના બર્ડન હેઠળ ઘઉં ની ખરીદી માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. આમુખ (૫) થી સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) ના લાભાર્થીઓને ટેક હોમ રેશન (THR) તરીકે પુરૂ પાડવામાં આવનાર પ્રિમિક્સના ઉત્પાદન માટે ભારત સરકાર દ્વારા જરૂરિયાત મુજબ ઘઉંનો જથ્થો ન ફાળવવામાં આવે ત્યારે પુરક પોષણમાં વિક્ષેપ નિવારવા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમિટેડ મારફત ઘઉંના પુરક જથ્થાની ખરીદી બજાર ભાવે કરવાની મંજુરી આપવામાં આવેલ છે. આમુખ (૬) થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા ટેક હોમ રેશન (THR) તથા ફોર્ટીફાઇડ આટાનું ઉત્પાદન માટે ઘઉં ના વિક્ષેપની પરિસ્થિતી નિવારવા ભારત સરકાર તરફથી ચાલુ વર્ષે ઓછા મંજૂર કરેલ ઘઉં તેમજ પુર્ણા યોજના હેઠળ મંજૂર થયેલ ઘઉં GCMMF મારફત ડેરી યુનિયનને બજાર ભાવે ખરીદી કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠરાવ:-

ભારત સરકારની વખતોવખતની માર્ગદર્શક સુચનાઓને ધ્યાનમાં રાખી સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) ના લાભાર્થીઓને ટેક હોમ રેશન (THR) તરીકે પુરૂ પાડવામાં આવનાર પ્રિમિક્સના ઉત્પાદન તેમજ ગરમ નાસ્તા માટે ફોર્ટીફાઇડ આટાના ઉત્પાદન માટે ઘઉં ના વિક્ષેપની પરિસ્થિતી નિવારવા ભારત સરકાર તરફથી ચાલુ વર્ષે ઓછા મંજૂર કરેલ ઘઉં તથા પૂર્ણા યોજના અંતર્ગત ૧00% રાજ્ય સરકારના બર્ડન હેઠળ મંજૂર થયેલ ઘઉં ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) મારફત ડેરી યુનિયનને બજાર ભાવે ખરીદ કરવાની નીચેની શરતોએ આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) ઉક્ત ખરીદી નિયમાનુસાર પ્રક્રિયા અનુસરીને જ કરવાની રહેશે.

(૨) ઘઉં ના આવેલ ભાવ ને સક્ષમ કક્ષાએ મંજૂર કરાવવાના રહેશે.

(3) ભારત સરકાર પાસે થી જરૂરિયાત મુજબ ઘઉં ની ફાળવણી થાય તેવા તમામ પ્રયત્નો નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) દ્વારા કરવાના રહેશે.

(૪) આ અંગે થનાર ખર્ચ અંદાજપત્રીય મર્યાદામાંજ કરવાનું રહેશે.

(૫) આ વર્ષના વિશિષ્ટ કારણો ધ્યાને લેતા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમિટેડ(GSCSC) ના સ્થાને ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) દ્વારા બજાર ભાવે ઉક્ત ખરીદીની મંજૂરી ફક્ત ૨૩૭૩૪.૪ MT માટે અને આ વર્ષ પૂરતી જ આપવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૧-૭-૨૦૨૨ તથા સરકારશ્રીની તા.૨૧-૭-૨૦૨૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રી ના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (નાણાં વિભાગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી,(મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા ને બાળ વિકાસની કચેરી,બ્લોક ૨૦,જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
- નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા ને બાળ વિકાસની કચેરી,ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન. આણંદ
- નાણા સલાહકરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઈલ.